Part-3

વિભાગ : (૩)

# ભવાઈમાં એલિયેનેશનનાં તત્વો

# Elements of Alienation in Bhavai


પ્રકરણ (૧) એલિયેનેશન - વ્યુત્પત્તિ અને વ્યાખ્યા

પ્રકરણ (૨) એલિયેનેશનની વિભાવના - પૂર્વમાં અને પશ્ચિમમાં.

પ્રકરણ (૩) ભવાઈના નાટ્ય પ્રયોગમાં એલિયેનેશનનાં તત્વોની સમીક્ષા

- વ્યુત્પત્તિમાં એલિયેનેશનના સંકેતો
- કથાવસ્તુમાં એલિયેનેશનનાં તત્વો
- પાત્ર વિધાનમાં એલિયેનેશનનાં તત્વો
- સંવાદ અને બોલીમાં એલિયેનેશનનાં તત્વો
- અભિનયમાં એલિયેનેશનનાં તત્વો
- રજૂઆતમાં એલિયેનેશનનાં તત્વો

ઉપસંહાર

Part-3, Chapter-1



પ્રકરણ : (૧)

## એલિયેનેશન (Alienation)

## વ્યુત્પતિ અને વ્યાખ્યા

જુની લેટીન ભાષામાં alienation શબ્દની વ્યુત્પતિ 'alienatio' પરથી સાધવામાં આવી છે. તેના મૂળ ક્રિયાપદ alienare (અર્થાત બીજાના નામે ચઢાવવું - To take away - remove દૂર મૂકવું - દૂર લઈ જવું) - ની વ્યુત્પતિ alienus (અર્થાત બીજાની માલિકીનું હોવું) - માંથી થયેલી છે. આ alienus શબ્દ મૂળ alius કે જેનો અર્થ વિશેષણ તરીકે 'other' અને નામ તરીકે 'another' એમ થાય છે, તેના પરથી ઉતરી આવ્યો છે.

'alienation' માટેનો લેટીન શબ્દ 'માલિકીનું હસ્તાંતર' - 'હાથ બદલો કરવો' 'પોતાની માલિકીની મિલકત જેવી કે, જમીન ઘોડા ઈત્યાદિ બીજાના નામે કરવા' તેવો અર્થ ધરાવે છે. alienare અને alienatio શબ્દોનો વિનિયોગ મધ્યકાલીન અંગ્રેજી ભાષામાં છૂટથી થતો. ૧૫ મી સદીના અંગ્રેજી સાહિત્યમાં આ શબ્દોનો ઉલ્લેખ જોવા મળે છે. આજે 'alienate અને 'alienation શબ્દો કાયદાકીય પરિભાષારૂપે વ્યાપક પ્રમાણમાં પ્રયોજાય છે, જેના અર્થ અનુક્રમે 'તબદીલ કરવું' અને 'તબદીલી' એમ થાય છે.

kalpana'a

alienation શબ્દનો બીજો પણ એક અર્થ કે જે મધ્યકાલીન અંગ્રેજી ભાષામાં જુની લેટીન પરથી ઉતરી આવ્યો છે. - લેટીનમાં 'alienatio mentis' અથવા alienatio એ શબ્દોનો અર્થ 'બેશુધ્ધ' 'બેભાન' એમ થાય છે. ( paralysis or loss of one's mental power or senses ). alienation શબ્દ વાઈના દર્દની તાણ અથવા કોઈક રીતે લાગેલા માનસિક આઘાતને પરિણામે થતી અસ્વસ્થા, એવા અર્થમાં પણ પ્રયોજાય છે. અંગ્રેજી શબ્દકોશના સંપાદકો આ શબ્દ વૈદકીય પરિભાષામાંથી સહજ બોલીમાં ઉતરી આવ્યો હોવાનું અનુમાને છે. જોકે આજે આ શબ્દનો ઉપયોગ વૈદકીય પરિભાષાને બદલે મનોચિકિત્સાની પરિભાષામાં વિશેષપણે જોવા મળે છે. માનસિક રોગો સંબંધી અભ્યાસક્રમમાં 'alienism' વિષયનો પણ સમાવેશ થાય છે. 'alienist' નો અર્થ મનોરોગ ચિકિત્સક એમ થાય છે.

alienation શબ્દનો ત્રીજો ઉપયોગ પણ લેટીન ભાષામાંથી ઉતરી આવ્યો છે. તદનુસાર alienation શબ્દ ક્રિયાપદ રુપે - ઉષ્માભર્યા લાગણી સભર સંબંધોનો અંત આણવો, કે એક વ્યકિત પરત્વે બીજી વ્યકિતમાં ઉપેક્ષાનો ભાવ જન્માવવો એ સમગ્રક્રિયા અથવા એ ક્રિયાના પરિણામરુપ પરિસ્થિતિનો સંકેત કરે છે. alienatio શબ્દ વિમુખ થવાની પ્રક્રિયા માટે અગર વિમુખ કર્યા પછીની પરિસ્થિતિ

kalpana's

માટે પણ પ્રયોજાય છે. મધ્યકાલીન અંગ્રેજી ભાષામાં આ શબ્દ ધર્મશાસ્ત્ર - ( Theological term) - ના સંદર્ભમાં ઉપયોગમાં લેવામાં આવતો. 'ઈશ્વરથી વિમુખતા' ના અર્થમાં આ શબ્દનો પ્રયોગ થતો.- aliened from God તથા alienation and parting between God and man.

આમ કેવળ ઈશ્વરજ્ઞાન, બ્રહ્મજ્ઞાન, ધર્મશાસ્ત્રની પરિભાષામાં વપરાતો આ શબ્દ કાળક્રમે રોજબરોજની સામાન્ય પરિભાષામાં પણ પ્રયોજાવા માંડ્યો. એક વ્યકિતના બીજી વ્યકિત સાથેના સંબંધોના સંદર્ભમાં તેનો પ્રયોગ થવા માંડ્યો. - turning away of feeling વગેરે.

૨૦મી સદીના પૂર્વાર્ધ દરમ્યાન આ શબ્દ વધુ પ્રચલિત થયો. માણસના માણસ સાથેના સંબંધોના સંદર્ભમાં તે પ્રયોજાવા લાગ્યો. રાજકરણમાં તેનો વિનિયોગ થવા માંડ્યો. રાજકીય પક્ષો, તેના નેતાઓ અને આમજનતા વચ્ચે 'alienation' જરૂરી છે. જે વ્યકિત પાસે સત્તા છે, તેણે જનતા સાથે લાગણીથી જોડાવું જોઈએ નહીં, પરંતુ જનતાના પ્રશ્નો સમજવા માટે જનતાથી અમુક હદે વિમુખ - alienate - રહેવું જોઈએ.

રુસોએ પોતાના 'social contract' - સામાજિક કરારનામામાં તેમના પુરોગામીઓએ ''સમાજ રચના માટે વ્યકિતગત હકકોનું સમર્પણ'' એ સંદર્ભમાં alienation શબ્દનો પ્રયોગ કર્યો હતો, તેને 'વ્યકિતગત હકક' સુધી મર્યાદિત ન રાખતાં ''સમગ્ર વ્યકિતત્વનું સમર્પણ'' એવા વ્યાપક અર્થમાં alienation શબ્દનો પ્રયોગ કર્યો. - રુસોએ કરેલા આ અર્થને હેગલે વિકસાવ્યો અને 'Alienation' શબ્દનો ઉપયોગ માકર્સવાદી, સામ્યવાદી વિચારસરણી માટે મહત્વનો બન્યો.

હેગલના સાહિત્યમાં 'alienation' માટે બે જર્મન સમાનાર્થી શબ્દોનો પ્રયોગ થયા છે. - (1) Entfremdung (2) Ent dusserung. માકર્સ કે જેઓ હેગલના મૃત્યુ વખતે માત્ર ૩૦ વર્ષના હતા, તેઓ હેગલની Alienation ની વિભાવનાથી આકર્ષાયા હતાં. તેમણે ઈ.સ.૧૮૪૪ માં લખેલ ગ્રંથ philosophical manuscripts માં Entfremdung તથા Entdusserung ની વિસ્તૃત ચર્ચા કરી છે. ઈ.સ.૧૮૪૮ માં લખાયેલા ગ્રંથ The communist manifesto માં પણ Alienation વિષેના સંદર્ભો મળે છે.

Martin Buber ના પુસ્તક Ich und (૧૯૨૩) માં verfremdung ની સંજ્ઞા પ્રયોજાયેલી છે. જોકે તેમણે તેની વિસ્તૃત

ચર્ચા નથી કરી કે શબ્દ સુદ્ધા સ્વરુપે પણ નથી પ્રયોજયો. આ પુસ્તકનો 'પ્રોટે-સ્ટ-ટ થીયલોજી પર સારો પ્રભાવ રહયો હતો.

alienation સંજ્ઞાના વિવિધ પ્રયોગો

ક્રિયાપદ તરીકે alienate નો અર્થ (વસ્તુને) અજાણી કરવી, પારકી કરવી બનાવવી એવો થાય છે. પરંતુ નામ અથવા સંજ્ઞા તરીકે તે કશી ક્રિયાનો સંકેત કરતો નથી, સિવાય કે પારિભાાષિક સંજ્ઞા રુપે તે પ્રયોજાયો હોય. 'alienation' કશી વસ્તુ અથવા વ્યકિતથી અળગી પડેલી વિચ્છેદ પામેલી માનવીય અવસ્થા અથવા અસ્તિત્વની અવસ્થાનો નિર્દેશ કરે છે. વ્યકિતથી કે સમૂહ, લોકો, સમાજ, પોતાની જાત, કુદરત કે બ્રહમાંડથી વિખૂટી પડેલી, વિચ્છેદ પામેલી વ્યકિતના સંદર્ભમાં 'alienation' સંજ્ઞા પ્રયોજાયેલી જોવા મળે છે. પોતાની અર્થોપાર્જનની પ્રવૃતિ, ક્રિયા અને શ્રમથી વિખૂટી પડેલી અથવા તો એ પ્રવૃતિ, ક્રિયા, શ્રમના પરિણામરુપ ફળથી વિચ્છેદ પામેલી વ્યકિતના સંદર્ભમાં પણ alienation શબ્દનો પ્રયોગ થયેલો જોવા મળે છે.

કાલમાકર્સના યુવાવસ્થાના લખાણોમાં 'alienation' વિષાયક તેમના વિચારો જાણવા મળે છે. માકર્સ ''પોતાના અસ્તિત્વ, અસલ સ્વભાવ મિજાજથી વિચ્છેદ પામેલ માનવી''ના અર્થમાં alienation શબ્દ

પ્રયોજે છે. પોતાના અસલ મિજાજથી વિચ્છેદ પામેલ માનવીના અનેક સ્વરુપો છે, જેમ કે માનવીનું અમાનવીયકરણ, માણસે ગુમાવેલું સ્વાતંત્ર્ય, પોતાના આપ્તજનોથી દૂર થઈ ગયેલો માનવ, કશા પ્રકારની વૈયક્તિકતા, સાહજિકતા કે સર્જકતા વિનાની પ્રવૃત્તિ, શ્રમમાં જાતને જોતરતો માનવી વગેરે, જેનો નિર્દેશ કાર્લ માર્ક્સે પોતાના લખાણોમાં કરેલ છે. અહીં માર્ક્સ સાર્ત્રના અસ્તિત્વવાદની નિકટ જણાય છે.

સાર્ત્ર વસ્તુનું ભૌતિક અસ્તિત્વ (en soi) અને માનવીય અસ્તિત્વ (pour si) વચ્ચે ભેદ કરે છે. સાર્ત્રના મતે માનવી પદાર્થો જેવી ઘનતા ધરાવતો નથી. માનવી સ્વભાવથી જ મુક્ત છે. પણ આજે માનવી કૃતક શ્રધ્ધાનો ભોગ બન્યો છે. પોતાની જાતથી પોતાની સ્વતંત્રતા છૂપાવી રાખવાની પ્રવૃત્તિનો, પોતે વસ્તુ જેવું પદાર્થ જેવું અસ્તિત્વ ધરાવતો હોવાની માન્યતાનો ભોગ બની પોતાના અસલ માનવીય અસ્તિત્વથી વિખૂટો પડેલો છે. એ દર્શાવવા માટે સાર્ત્ર alienation સંજ્ઞા પ્રયોજે છે. અહીં પોતાના મુક્ત સ્વભાવથી, સ્વાતંત્ર્યથી વિખુટી પડેલી માનવીય અવસ્થાનો alienation સંજ્ઞા ધ્વારા નિર્દેશ કરવામાં આવ્યો છે.

'હું અમુક વ્યક્તિને જાણું છું' અથવા તો 'અમુક વ્યક્તિને નથી જાણતો' આવા વાક્ય પ્રયોગો વ્યવહારમાં જોવા મળે છે. આપણે જયારે અમુક વ્યક્તિને જાણતા હોવાનો દાવો કરીએ છીએ ત્યારે એ વ્યક્તિના કેટલાં પાસાં ને જાણતા હોઈએ છીએ તે એક પ્રશ્ન છે. ખરેખર તો 'ઓળખ' અને

kalpana's

'જ્ઞાન' એ બે શબ્દો વચ્ચે પાયાનો ભેદ છે. અર્થાત્, 'હું અમુક વ્યક્તિને જાણું છું' તેના બદલે 'હું અમુક વ્યક્તિને ઓળખું છું' એમ પ્રયોગ થાય તો તે બરાબર કહેવાય. પરંતુ કોઈ વ્યક્તિ વિષેની જાણકારી (જ્ઞાન) આપણે ત્યારેજ પ્રાપ્ત કરી શકીએ જ્યારે તે વ્યક્તિને આપણે આપણી જાતથી, આપણી નિજી દુનિયાથી અળગી કરી, વિખુટી પાડી નિહાળીએ, તે વ્યક્તિ અને આપણી વચ્ચે અંતર રાખીએ. સ્ફિંકસે પૂછેલા ઉખાણાનો જવાબ આપનાર ઈડીયસ પોતાનાં માતા પિતાથી અજાણ હતો. પોતાનાં માતા પિતાને તે ઓળખી શકયો નહીં, પોતાની પત્ની સાથેના સંબંધોને પામી શકયો નહીં. અહીં ભાવાત્મક સંડોવણી, લાગણી ભરી સંડોવણી માણસને અંધ કરી મૂકે છે. આ ભાવાત્મક સંડોવણીથી emotional involvement થી અળગા રહેવું, છેટા રહેવું. એ અર્થમાં alienation સંજ્ઞાનો પ્રયોગ થયેલો જોવા મળે છે.

આપણી ભારતીય સંસ્કૃતિમાં alienation શબ્દ નવો ગણી શકાય. પરંતુ તેના તાત્વિક અર્થની ચર્ચા કરીએ તો ભારતીય ઈતિહાસમાં alienation નાં સંદર્ભો જોવા મળે છે.

(૧) આર્ય - વૈદિક વર્ણ વ્યવસ્થામાં વાનપ્રસ્થ આશ્રમ તથા સંન્યસ્તાશ્રમની રચના થયેલી હતી. જેમાં સમાજથી વસ્તીથી અને અંતે કુટુંબ સુધ્ધાથી અલિપ્ત

થવાની વ્યવસ્થા છે. આપણા યોગીઓ, ઋષિઓ સમાજથી અળગા રહી સમાજને સુખી કરવા ધર્મોપદેશ આપતા રહયાં છે.

(૨) રામને વનવાસ આપવાના કારણોમાં 'ધર્મની રક્ષા' - ' સમાજની રક્ષા' વગેરેની ગણના થાય છે. અર્થાત રામે સમાજથી alienate થઈ તેની જાણકારી મેળવવી હતી અને સમાજનું રક્ષણ કરવું હતું એવો અર્થ લઈ શકાય.

(૩) શ્રીકૃષ્ણએ રણભૂમિમાં અર્જુનને આપેલ જ્ઞાન 'ભગવદ્ ગીતામાં' Alienation નાં ઘણાં સંદર્ભોનું દર્શન થાય છે.

(૪) ભગવાન બુધ્ધે ગૃહત્યાગ કરી સમાજના દુઃખો દૂર કરવા તપશ્ચર્યા કરી બોધીજ્ઞાન પ્રાપ્ત કર્યું. તેમના 'મહાભિનિષ્ક્રમણ'ને 'Alienation' કહી શકાય.

નરસિંહ - મીરાની 'ભકિતથી-લાગણીથી ઈશ્વર પામવાની વિચારસરણી સામે ~~xxxx~~ અખો જ્ઞાનથી ઈશ્વર પામવાનું સૂચવે છે.

આમ 'Alienation' શબ્દ આપણે ત્યાં ચોકકસ નવો છે. પરંતુ તત્વજ્ઞાનના સંદર્ભમાં તેની ચર્ચા કરીએ તો ભારતીય સામાજિક, સાંસ્કૃતિક ઈતિહાસમાં તેના સંદર્ભો ઠેર ઠેર જોવા મળે છે.

kalpana'a

કળા જગતમાં 'aesthetic distance' 'સૌંદર્યલક્ષી અંતર' એ અર્થમાં પણ alienation શબ્દ પ્રયોજાય છે. ચિત્ર, નૃત્ય, નાટ્ય જેવી કળાઓના આસ્વાદન માટે aesthetic distance અનિવાર્ય બની રહે છે.

જે સમાજમાં રહીને કલાકાર કલાનું સર્જન કરતો હોય છે. તે સમાજ પાસેથી જોઈએ તેવો પ્રતિભાવ તેને સાંપડતો નથી. જે યુગમાં રહીને કલાકાર પોતાની કૃતિનું સર્જન કરતો હોય તે યુગે તે કલાકારની ઉપેક્ષા કરી હોય તેવા ઘણાં દાખલા સાહિત્ય અને કળાક્ષેત્રે જોવા મળે છે. આ તમામ કિસ્સાઓમાં જે તે કલાકાર પોતાના સમાજ, પોતાના યુગથી વિખુટો પડી ગયેલો alienate થઈ ગયેલો હોવાના અર્થમાં પણ alienation સંજ્ઞાનો પ્રયોગ થયેલો જોવા મળે છે. 'ગટે' અને 'દાન્તે' તેના ઉદાહરણો છે. ગટે તેના યુગનો એક સફળ સર્જક સફળ દિગ્દર્શક હોવા છતાં તેના નાટક 'Faust' (ફોસ્ટ) ની હસ્તપ્રત તેણે સીલ કરી મૂકી રાખી અને તેના મૃત્યુ સુધી તે ન ભજવવાનો આગ્રહ રાખ્યો. કેટલાક સર્જકો તેમની સર્જન-પ્રક્રિયા દરમ્યાન સમાજથી, કુટુંબીજનોથી, મિત્રોથી વિમુખ થઈ જાય છે. ત્યારે તે સર્જક માટે 'અંદર ઉતરી ગયા છે' એવો શબ્દ પ્રયોગ થાય છે. આ અંદર ઉતરી ગયેલી અવસ્થાને સૂચવવા માટે Alienation

kalpana's

શબ્દ પ્રયોજી શકાય.

'ઇડિપસ' અને 'હેમલેટ' જેવા વિશ્વવિખ્યાત પાત્રોમાં પણ પોતાના સમાજ, કુદરત કે પોતાની જાતથી વિખુટા પડી જવાનો ભાવ પ્રબળપણે જોવા મળે છે.

માકર્સની સમાજવાદી વિચારધારામાં અમીર અને ગરીબ એવા વર્ગથી મુકત સમાજની કલ્પના કરવામાં આવી છે. વર્ગભેદથી મુકત સમાજને કાર્લમાકર્સે 'non-alienated' સમાજ કહયો છે, જેમાં શ્રમના ફળથી વિખૂટા પડી ગયેલા શ્રમિક વિનાના સમાજની કલ્પના કરી છે.

આમ alienation સંજ્ઞાના મૂળમાં વ્યકિત, સમુહ ટોળાં, સમાજ, કુદરત, પોતાની જાત અને સમગ્ર વિશ્વથી એક યા બીજા પ્રકારે વિખૂટી પડી ગયેલી, અળગી થઇ ગયેલી, વિમુખ થઇ ગયેલી, વિચ્છેદ પામેલી, માનવીય અવસ્થાનો નિર્દેશ રહેલો છે.

દર્શનશાસ્ત્રમાં alienation સંજ્ઞા વિચ્છેદ પામેલી માનવીય અવસ્થામાં પ્રયોજાય છે. પણ બર્ટોલ્ટ બ્રેખ્તે તેનો વિશિષ્ટ કલા સંદર્ભમાં પ્રયોગ કર્યો છે. તેમાં વિમુખતા, વિચ્છંદતા, અલગાવનો ભાવ રહેલો છે. પણ તે વિશિષ્ટ સંદર્ભમાં. નટ પાત્ર સાથે ભાવતાદાત્મ્ય સાધ્યા વિના અળગો રહે, પ્રેક્ષક ભજવાતા નાટક સાથે ભાવતાદાત્મ્ય સાધ્યા વિના

kalpana's

'તટસ્થ' રહે એ અર્થમાં 'alienation' સંજ્ઞા બ્રેખ્તે નિરૂપી હોય છે તેમ જણાય છે. એ વિશેની વધુ ચર્ચા આગલા પ્રકરણમાં

<u>સંદર્ભ</u> :

Richard schacht કૃત 'Alienation' પુસ્તકના આધારે

kalpana's